ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

વહીવટને વધુ વેગવંતો બનાવવા માટે ચૂંટાયેલા સભ્યોને ચેરમેન અને વાઇસ ચેરમેન પદે જવાબદારી સોંપવામાં આવી

નડિયાદ મનપામાં તમામ કમિટીના ચેરમેન-વાઈસ ચેરમેન જાહેર કરાયાં

રોડ-બિલ્ડિંગ, આરોગ્ય, ડ્રેનેજ અને ટાઉન પ્લાનિંગ સહિત સમિતિઓના હોદ્દેદારો નિયુક્ત

(પ્રતિનિધિ) નડિયાદ, તા. ૧

નડિયાદ મનપામાં લાંબા સમયથી ચાલી રહેલી અટકળોનો અંત લાવતા અંતે ૧૨ જેટલી વિવિધ કમિટીઓની સત્તાવાર રચના કરવામાં આવી છે. શહેરીજનોની પ્રાથમિક સુવિધાઓના કામોને પહોંચી વળવા તથા મનપાના વહીવટને વધુ વેગવંતો બનાવવા માટે ચૂંટાયેલા સભ્યોને ચેરમેન અને વાઇસ ચેરમેન પદે જવાબદારી સોંપવામાં આવી છે. નવા નિમાયેલા આ હોદ્દેદારો પદભાર સંભાળીને વહીવટી સરળતા લાવશે અને વિકાસ કાર્યોને ગતિ આપશે.

નડિયાદ મનપામાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પાયાની સુવિધાઓ સંભાળતી સમિતિમાં રોડ અને બિલ્ડીંગ કમિટીના ચેરમેન પદે કાજલબેન સુનિલભાઈ પટેલ અને વાઇસ ચેરમેન પદે શાનુ નિતેશભાઈ પટેલની સત્તાવાર નિમણૂક કરાઈ છે. તેવી જ રીતે ડ્રેનેજ કમિટીમાં ચેરમેન તરીકે બકુલભાઈ ડરતનભાઈ રબારી અને વાઇસ ચેરમેન તરીકે નૈનેશકુમાર પ્રફુલભાઈ પટેલ જવાબદારી સંભાળશે.

આ ઉપરાંત વોટર અને વોટર હાર્વેસ્ટીંગ કમિટીમાં ચેરમેન પદે રીપલબેન સુશીલભાઈ પટેલ તથા વાઇસ ચેરમેન પદે હર્ષદભાઈ ગોવિંદભાઈ ગોહિલની વરણી થઈ છે. વરસાદી પાણીના નિકાલની કમિટીમાં ચેરમેન પદે હિરેનકુમાર સુરેશભાઈ દેસાઈ અને વાઇસ ચેરમેન પદે પરેશભાઈ મનુભાઈ પટેલને સ્થાન આપવામાં આવ્યું છે.

તેવી જ રીતે, આરોગ્ય, સુરક્ષા અને શહેરી આયોજન કમિટીઓમાં હોસ્પિટલ અને આરોગ્ય કમિટીમાં ચેરમેન પદે ધ્રુવ ભરતભાઈ બારોટ અને વાઇસ ચેરમેન પદે કિન્નરીબેન ચિરાગકુમાર શાહ રહેશે. ટાઉન પ્લાનીંગ કમિટીમાં ચેરમેન તરીકે લીલાબેન પૂનમભાઈ પરમાર અને વાઇસ ચેરમેન તરીકે શિલ્પનકુમાર રાજેન્દ્રભાઈ પટેલની પસંદગી કરાઈ છે. ફાયર અને લાઈટ કમિટીમાં ચેરમેન ભૂમિકાબેન જતીન પટેલ અને વાઇસ ચેરમેન ધ્રુતિબેન ધ્રુવભાઈ પટેલ બન્યા છે. સેનેટરી સોલીડ વેસ્ટ અને ટ્રાન્સપોર્ટ કમિટીમાં ચેરમેન પદે શેખર રમેશભાઈ ભીલ અને વાઇસ ચેરમેન પદે પ્રકાશભાઈ જાદવભાઈ મિસ્ત્રીની વરણી કરાઈ છે.

મહેસૂલ, જનકલ્યાણ અને સાંસ્કૃતિક કમિટીઓમાં રેવન્યુ અને મટીરીયલ પરચેસ કમિટીમાં અગત્યના ગણાતા આ વિભાગમાં ચેરમેન ભાવેશકુમાર અશ્વિનભાઈ દેસાઈ અને વાઇસ ચેરમેન અમૃતભાઈ રવજીભાઈ પરમાર રહેશે. હાઉસીંગ બોર્ડ અને ઈડબલ્યુએસ કમિટીમાં ગરીબ અને મધ્યમ વર્ગ માટેની આ કમિટીમાં ચેરમેન બાલાભાઈ નાગજીભાઈ ભરવાડ અને વાઇસ ચેરમેન સોનલબેન ભરતભાઈ તળપદા બન્યા છે. સામાજીક ન્યાય અને મહિલા બાળવિકાસ કમિટીમાં ચેરમેન પદે સુનિલકુમાર રમણભાઈ સોનારા અને વાઇસ ચેરમેન પદે ભાવિશાબેન સુકીતકુમાર પટેલની નિમણૂક થઈ છે. તળાવ રીક્રીએશન કલ્ચર અને હેરીટેજ કમિટીમાં ચેરમેન શૈલેષકુમાર દિનેશભાઈ પરમાર અને વાઇસ ચેરમેન પ્રવિણાબેન સુરેશભાઈ ટેહલ્યા પદભાર સંભાળશે.

કાયમી વેન્ડર ઝોન ન બને ત્યાં સુધી નજીવા ભાડે જગ્યા આપવા માગણી

આણંદમાં તહેવારોમાં ફેરીયાને વૈકલ્પિક જગ્યા ફાળવવા માંગ

'ટુંકી ગલી' બંધ થતાં સર્જાયેલી સમસ્યા અંગે કલેક્ટરને રજૂઆત

(પ્રતિનિધિ) આણંદ તા.૧

કરમસદ-આણંદ મનપા વિસ્તારમાં આગામી તહેવારોના સમયગાળા દરમિયાન નાના વેપારીઓ અને ફેરીયાઓના રોજગારના પ્રશ્ને આણંદ કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. કરમસદ-આણંદ મનપાના કોર્પોરેટર મહેશભાઈ વસાવા દ્વારા રણછોડરાય માર્કેટ ખાતે અસ્થાયી જગ્યા ફાળવવાની માંગ કરી ગરીબ અને મધ્યમ વર્ગના વેપારીઓના હિતમાં તાત્કાલિક નિર્ણય લેવા અપીલ કરાઈ છે.

આ આવેદનપત્ર અનુસાર, કરમસદ-આણંદ મનપા વિસ્તારમાં છેલ્લા ઘણા વર્ષોથી લારી-ગલ્લા અને ફેરીયાઓ પોતાના પરિવારનું ગુજરાન ચલાવી રહ્યા છે. જોકે, અગાઉ ઉપયોગમાં લેવાતી 'ટુંકીગલી' હાલ બંધ કરવામાં આવતા આગામી તહેવારો દરમિયાન નાના વેપારીઓ માટે રોજી-રોટીનો ગંભીર પ્રશ્ન ઊભો થયો છે. જ્યાં સુધી પાલિકા દ્વારા કાયમી વેન્ડર ઝોન બનાવવાની કામગીરી પૂર્ણ ન થાય, ત્યાં સુધી રણછોડરાય માર્કેટની ઉપલબ્ધ જગ્યામાંથી વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવા માંગ કરાઈ છે.

આ માગણીમાં તહેવારો દરમિયાન ફેરીયાઓની આર્થિક સ્થિતિ ધ્યાને રાખી રણછોડરાય માર્કેટ ખાતે પરવડે તેવા નજીવા ભાડે અસ્થાયી જગ્યા ફાળવવી, વ્યવસ્થિત સ્થળ ફાળવણીથી મુખ્ય રસ્તાઓ પર ભીડ અને ટ્રાફિક અવરોધ ઘટશે, સ્વચ્છતા જળવાશે અને મહાનગરપાલિકાને પણ આવક થશે,

ભારત સરકારના 'ટાઉન વેન્ડિંગ કમિટી' ની ભલામણથી 'સ્ટ્રીટ વેન્ડિંગ પ્લાન' તૈયાર કરી કાયમી વેન્ડર ઝોનની કામગીરી ઝડપી બનાવવી, 'ટુંકી ગલી' બંધ થવાથી અસરગ્રસ્ત બનેલા ફેરીયાઓ માટે પણ યોગ્ય વૈકલ્પિક આયોજન કરવા માગણી કરી હતી.

નિવૃત્ત જમાદારના પુત્રનો ગળેફાંસો ખાઈ આપઘાત

સીલિંગ ફેન સાથે ચાદર બાંધી ભરેલું આત્યંતિક પગલું

(પ્રતિનિધિ) આણંદ તા.૧

આણંદ શહેરના સોજીત્રા રોડ પર આવેલી હરિઓમ પાર્ક સોસાયટી-૨ ખાતે નિવૃત્ત જમાદાર આશાભાઈ મીઠાભાઈ ચૌહાણના ૩૫ વર્ષીય પુત્ર સંદીપ ચૌહાણે ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લેતાં ચકચાર મચી જવા પામી છે. આ બનાવ અંગે આણંદ શહેર પોલીસે અપમૃત્યુની નોંધ દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

આણંદની હરિઓમ પાર્ક સોસાયટીમાં રહેતા સંદીપ ચૌહાણે બુધવારની સાંજે કોઈ અગમ્ય કારણોસર પોતાના મકાનમાં સીલિંગ ફેન સાથે ચાદરનો ગાળિયો બાંધી આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટનાની જાણ થતાં જ પરિવારજનોમાં અરેરાટી વ્યાપી ગઈ હતી અને બૂમાબૂમ સાંભળી આસપાસના પાડોશીઓ પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આ ઘટનાની જાણ થતાં જ આણંદ શહેર પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહને નીચે ઉતારી જરૂરી કાનૂની કાર્યવાહી કરી પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. યુવકે કયા સંજોગોમાં કે માનસિક તણાવમાં આવીને આ આત્યંતિક પગલું ભર્યું તે અંગે હજુ સુધી કોઈ ચોક્કસ કારણ જાણી શકાયું નથી.

પ્રાથમિક તપાસમાં મૃતક સંદીપ ચૌહાણના પિતા આશાભાઈ ચૌહાણ નિવૃત્ત પોલીસ જવાન છે, જ્યારે તેમનાં પત્ની વ્યવસાયે વકીલ છે. આણંદ શહેર પોલીસે હાલમાં અપમૃત્યુનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

વકીલોની હડતાલ : કોર્ટ પરિસરમાં પ્રવેશ બંધ કરી પક્ષકારોને પરત મોકલ્યા

નડિયાદ બાર એસોસિએશન દ્વારા ત્રીજી ઓક્ટોબરે કામગીરીથી અળગા રહેવાનો ઠરાવ કર્યો



(પ્રતિનિધિ) નડિયાદ, તા.૧

નડિયાદ બાર એસોસિએશન દ્વારા 'ગુજરાત ભાડા વિધેયક 2026'ના સૂચિત કાયદાના સખત વિરોધમાં કોર્ટ કામકાજથી અળગા રહી હડતાલ પાળવામાં આવી છે. વકીલોએ ડિસ્ટ્રિક્ટ અને ફેમિલી કોર્ટ બિલ્ડીંગમાં પ્રવેશ ન કરીને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો તેમજ કોર્ટમાં આવતા પક્ષકારોને હડતાલ અંગે જાણ કરી પરત મોકલ્યા હતા.

નડિયાદ બાર એસોસિએશનની 30મી સપ્ટેમ્બર 2026ના રોજ મળેલી કારોબારી બેઠકમાં એક મહત્વપૂર્ણ ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. આ ઠરાવ મુજબ બાર એસોસિએશનના તમામ સભ્યો અને વકીલોએ તારીખ 1 અને 3 ઓક્ટોબર 2026ના રોજ ડિસ્ટ્રિક્ટ કોર્ટ તેમજ ફેમિલી કોર્ટ બિલ્ડીંગમાં પ્રવેશ ન કરવાનો નિર્ણય લીધો હતો. આ નિર્ણયના પગલે આજે વકીલો કામગીરીથી દૂર રહ્યા હતા, જેના કારણે કોર્ટ પરિસરમાં સન્નાટો છવાઈ ગયો હતો અને તમામ કામગીરી સંપૂર્ણપણે ઠપ થઈ ગઈ હતી.

વકીલોની હડતાલના કારણે દૂર-દૂરથી કોર્ટના કામે આવતા નાગરિકો અને પક્ષકારોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. સવારથી જ વકીલોએ કોર્ટમાં પ્રવેશતા નાગરિકોને હડતાલ અંગે માહિતગાર કરી પરત રવાના કર્યા હતા. આ ઉપરાંત, બહારગામના અન્ય બાર એસોસિએશનમાંથી આવતા વકીલો અને પક્ષકારોને પણ આ વિરોધ પ્રદર્શનમાં જોડાવા અને સંઘર્ષમાં ન ઉતરવા માટે અપીલ કરવામાં આવી હતી.

બાર એસોસિએશનના પ્રમુખ કિરીટ બારોટ અને સેક્રેટરી અરવિંદ પરમારની સહી સાથે નડિયાદના ડિસ્ટ્રિક્ટ જજ અને ફેમિલી કોર્ટના જજને ઠરાવની નકલ મોકલવામાં આવી છે. વકીલો દ્વારા લેખિત વિનંતી કરવામાં આવી છે કે હડતાલના કારણે એડવોકેટ અને પક્ષકારોની ગેરહાજરી દરગુજર કરવામાં આવે અને પક્ષકારોની અગવડતાના કારણે તેમની વિરુદ્ધ કોઈ એકતરફી કાર્યવાહી કર્યા વિના કેસ જે તે સ્ટેજે યથાવત રાખી સહકાર આપવામાં આવે.

સીંજીવાડા પાસે રિક્ષા પલટી જતાં આધેડનું મોત

રસ્તા પર અચાનક ગાય આવી જતાં અકસ્માત સર્જાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧

માતરના લીંબાસી-તારાપુર રોડ પર સીંજીવાડા ગામ નજીક રસ્તા પર અચાનક ગાય આવી ચડતાં સીએનજી રિક્ષા પલટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા આશરે ૫૦ વર્ષીય અજાણ્યા મુસાફરનું સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. આ બનાવ અંગે લીંબાસી પોલીસે ગુનો નોંધી મૃતકની ઓળખ મેળવવા સહિતની આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, માતર તાલુકાના સીંજીવાડા ગામમાં રહેતા વિજયભાઈ અરવિંદભાઈ રાઠોડ તારાપુર રોડ પર આવેલી પોતાની વેલ્ડીંગની દુકાને બેઠા હતા, ત્યારે પરીએજ તરફથી આવી રહેલી સીએનજી રિક્ષા સામે અચાનક ગાય આવી ગઈ હતી. આથી રિક્ષા પલટી ખાઈ જતાં સ્થાનિક લોકોએ દોડી જઈ રિક્ષા ચાલક તથા પાછળ બેઠેલા બે મુસાફરોને બહાર કાઢ્યા હતા.

આ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા આશરે ૫૦ વર્ષના અજાણ્યા પુરુષને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સૌપ્રથમ તારાપુરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બાદ વધુ સારવાર અર્થે વડોદરાની એસએસજી (SSG) હોસ્પિટલમાં લઈ જવાતાં સારવાર દરમિયાન તેમનું કરૂણ મોત નીપજ્યું હતું. જોકે, મૃતક પુરુષની ઓળખ હજુ સુધી થઈ શકી નથી. આ અંગે વેલ્ડીંગ દુકાનદાર વિજયભાઈ રાઠોડની ફરિયાદના આધારે લીંબાસી પોલીસે ગુનો નોંધી તપાસ ચાલુ કરી છે.

વેપારી પાસેથી ૧૯ જેટલી વિવિધ મશીનરીઓ પેટે ઓર્ડર નક્કી કર્યો

વિઠ્ઠલ ઉદ્યોગનગરમાં ૪૫ લાખનું આઈસ્ક્રીમ મશીનરી કૌભાંડ ખુલ્યું

યુટ્યુબ વીડિયો જોઈ ઓર્ડર આપનાર આસામના વેપારી સાથે ઠગાઈ

(પ્રતિનિધિ) આણંદ તા.૧

આણંદ નજીક આવેલા વિઠ્ઠલ ઉદ્યોગનગર જીઆઈડીસીની કંપનીના સંચાલકોએ આઈસ્ક્રીમ બનાવવાની મશીનરી આપવાના બહાને આસામના વેપારી પાસેથી પૂરેપૂરા રૂ. ૪૫ લાખ બેંક મારફતે પડાવી લીધા હતા. નાણાં મેળવ્યા બાદ મુદત વીતવા છતાં ન તો મશીનરી આપી કે ન તો રકમ પરત કરી વિશ્વાસઘાત આચરતા આખરે વિદ્યાનગર પોલીસ સ્ટેશનમાં ૩ સંચાલકો સામે ગુનો નોંધાયો છે.

આસામના બંગાઈગાંવ ખાતે રહેતા અને 'હેલમોન્સ આઈસ્ક્રીમ' નામથી વ્યવસાય કરતા ૨૭ વર્ષીય પાર્થ જતિન નીવારન કરે પોતાના બિઝનેસ માટે મશીનરી ખરીદવા યુટ્યુબ પર વીડિયો સર્ચ કર્યો હતો. જેમાં વિઠ્ઠલ ઉદ્યોગનગર જીઆઈડીસી સ્થિત 'શ્રેયા એન્જિનિયરિંગ વર્ક્સ'નો વીડિયો જોઈ સંપર્ક કરતાં કંપનીના પ્રોપરાઇટર પરેશભાઈ શંકરભાઈ પ્રજાપતિ સાથે વાતચીત થઈ હતી. બાદમાં વેપારીએ આણંદ સ્થિત કંપનીની રૂબરૂ મુલાકાત લેતાં, ભાગીદાર દક્ષેશભાઈ પ્રજાપતિ અને પ્રોડક્ટ મેનેજર વ્રજ પરેશભાઈ પ્રજાપતિએ તેમને વિશ્વાસમાં લઈ ૧૯ જેટલી વિવિધ મશીનરીઓ પેટે રૂ. ૪૫ લાખનો ઓર્ડર નક્કી કર્યો હતો.

જોકે, વેપારીએ બેંક લોન કરાવીને સમયાંતરે ટુકડે-ટુકડે પૂરેપૂરી રકમ કંપનીના આઈસીઆઈસીઆઈ બેંક ખાતામાં જમા કરાવી દીધી હતી. રકમ મેળવી લીધા બાદ સંચાલકોએ સમયમર્યાદામાં મશીનરી મોકલી નહોતી અને બાદમાં કરાર કરી નવી તારીખો આપવા છતાં આજદિન સુધી એકપણ મશીનરી આપી નહોતી કે નાણાં પણ પરત કર્યા નહોતા. આખરે છેતરાયાનો અહેસાસ થતાં વેપારીની ફરિયાદના આધારે વિદ્યાનગર પોલીસે પરેશ પ્રજાપતિ, દક્ષેશ પ્રજાપતિ અને વ્રજ પ્રજાપતિ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મતદાર યાદી સુધારણાની વિશેષ ઝુંબેશ હાથ ધરાશે

જિલ્લાના તમામ મતદાન મથકો પર ચાર રવિવારે બીએલઓ હાજર રહેશે

(પ્રતિનિધિ) આણંદ તા.૧

ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર આણંદ જિલ્લામાં ઓક્ટોબર અને નવેમ્બર ૨૦૨૬ દરમિયાન મતદાર યાદી સતત સુધારણા અંતર્ગત વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. આ અંગે આણંદ ખાતે કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પ્રવીણ ચૌધરીએ પત્રકાર પરિષદ સંબોધીને માહિતી આપી હતી.

આ વિશેષ ઝુંબેશ અંતર્ગત જિલ્લાના તમામ મતદાન મથકો પર ૧૧મી ઓક્ટોબર, ૧૮મી ઓક્ટોબર, ૨૫મી ઓક્ટોબર અને ૧લી નવેમ્બર ૨૦૨૬ (ચાર રવિવાર) ના રોજ સવારે ૧૦:૦૦ થી સાંજે ૧૭:૦૦ વાગ્યા સુધી બુથ લેવલ ઓફિસર હાજર રહેશે. આ સમયગાળા દરમિયાન BLO દ્વારા ફોર્મ નંબર ૬ સહિતના હક્ક-દાવાઓ અને વાંધા અરજીઓ સ્વીકારવામાં આવશે.

આ ઝુંબેશનો મુખ્ય હેતુ જે નાગરિકો હજુ સુધી મતદાર તરીકે નોંધાયા નથી અને ખાસ કરીને ૧૮ અને ૧૯ વર્ષ પૂર્ણ કરનારા નવયુવાનો કે જેઓ પ્રથમ વખત મતદાર બનવાની પાત્રતા ધરાવે છે, તેઓની નોંધણી કરવાનો છે. ૧લી ઓક્ટોબર ૨૦૨૬ના રોજ ૧૮ વર્ષ પૂરા કરનાર તમામ પાત્ર યુવાનોને પોતાના નજીકના મતદાન મથકે પહોંચી મતદાર તરીકે નામ નોંધાવવા જિલ્લા ચૂંટણી અધિકારીએ અપીલ કરી છે. ચૂંટણી પંચની સૂચના મુજબ મતદાર નોંધણી માટે ફોર્મ નં. ૬ સાથે સોગંદનામું જોડવું પડશે નહીં.

આણંદ પાસે એક્સપ્રેસ વે પરના ગોઝારા અકસ્માત કેસમાં કડક કાર્યવાહી

આણંદમાં પના મોતનો જવાબદાર બસ ચાલકની ધરપકડ કરાઈ

આણંદ રૂરલ પોલીસે જરૂરી કાર્યવાહી કરી જેલભેગો કર્યો



(પ્રતિનિધિ) આણંદ તા.૧

આણંદ નજીક વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ હાઈવે પર બોરીયાવી ગામની સીમમાંથી પસાર થઈ રહેલી એક લક્ઝરી બસના ચાલકે પૂરઝડપે અને બેદરકારીપૂર્વક વાહન હંકારી આગળ જતી ટ્રકની ખોટી રીતે સાઈડ કાપવા જતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો.

આણંદ રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પસાર થતા એક્સપ્રેસ હાઈવે પર લક્ઝરી બસ (નંબર AR-01-W-1818) ના ચાલકે પૂરઝડપે અને ગફલતભરી રીતે વાહન ચલાવ્યું હતું. બસમાં બેસેલ પેસેન્જરોના જાનમાલને નુકસાન અને મોટી જાનહાની થવાનો સંભવ હોવાનું જાણવા છતાં, ચાલકે આગળ જતી ટ્રકની ખોટી રીતે સાઈડ કાપવા જતાં ટ્રકના ડ્રાઇવર સાઈડના પાછળના ભાગે બસનો ખાલી સાઈડનો આગળથી પાછળ સુધીનો ભાગ અથડાવી દીધો હતો.

આ બનાવ સંદર્ભે આણંદ રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ અંગે તપાસ કરતાં લક્ઝરી બસના ચાલક રાજુસિંહ નવલસિંહ ચૌહાણ (ઉં.વ. ૪૧, રહે. નાનાપોયડા, તા. પ્રાંતિજ, જી. સાબરકાંઠા) ની અટકાયત કરી જરૂરી પુછપરછ બાદ તેને જેલ હવાલે કરવામાં આવ્યો છે.

વસોમાં 3 શખસે ટેમ્પો ચાલક અને પશુપાલક પર હુમલો કર્યો

પેટલાદ-વસો રોડ પર સરપંચનો વેચાણ દાખલો દર્શાવવા છતાં હુમલાખોરોએ માર માર્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧

વસો તાલુકાના પીજ રોડ પરથી ડેમોલ ગામથી બળદોને ટેમ્પોમાં અરેરા પહોંચાડવા જઈ રહેલા ટેમ્પો ચાલક અને બળદના માલિક પર બળદોને કતલખાને લઈ જતા હોવાનો વહેમ રાખી ત્રણ શખ્સોએ હુમલો કરી ઢોર માર માર્યાનો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

પેટલાદ તાલુકાના ડેમોલ ગામની ઈન્દિરાનગરીમાં રહેતા ટેમ્પો ચાલક કિશનભાઈ ભાનુભાઈ ભોઈ (ઉં.વ.૩૭) પોતાના છોટા હાથી લોડિંગ ટેમ્પામાં ગામના જ પ્રિતેશભાઈ નટુભાઈ વાળંદના બે બળદો ભરીને અરેરા ગામે જયમીનભાઈ પટેલને પહોંચાડવા જઈ રહ્યા હતા. બળદો વિધિવત વેચ્યા હોવાનો સરપંચનો દાખલો પણ તેમની પાસે હતો. સવારે આશરે ૮:૩૦ વાગ્યાના સુમારે તેઓ પીજ ગામ નજીક નડિયાદ-વસો રોડ પર ત્રણ રસ્તા પાસેથી



પસાર થઈ રહ્યા હતા ત્યારે પીજ ગામના પિનલ રબારી નામના શખ્સે મોટરસાઈકલ આડી મૂકી ટેમ્પો રોકાવ્યો હતો.

પિનલ રબારીએ બળદો કતલખાને લઈ જવાતા હોવાનો આક્ષેપ કરી ગાડી પાછી વળાવી કિશનભાઈને પીજ છાપી ભાગોળ બસ સ્ટેન્ડ પાસે લઈ ગયો હતો. ત્યાં કિશનભાઈએ સરપંચનો વેચાણ દાખલો દર્શાવવા છતાં તેણે તે પોતાના ખિસ્સામાં મૂકી દઈ ગાળો બોલી ગાલ પર ઝાપટો મારી હતી. આ અંગે જાણ થતાં બળદ માલિક પ્રિતેશભાઈ વાળંદ પણ સ્થળ પર દોડી આવ્યા હતા અને અરેરા ખાતે જયમીનભાઈને બળદો વેચ્યા હોવાની સ્પષ્ટતા કરી હતી.

આ અંગે સ્પષ્ટતા કરવા છતાં પિનલ રબારીએ રબારીવાસમાં રહેતા પોતાના અન્ય બે સાગરીતો મયુર રબારી અને શ્રવણ રબારીને સ્થળ પર બોલાવી લીધા હતા. ત્રણેય જણાએ ભેગા મળી કિશનભાઈ અને પ્રિતેશભાઈને ગાળો આપી ગડદાપાટુનો ઢોર માર માર્યો હતો. બૂમાબૂમ થતાં સ્થાનિકોએ ૧૧૨ નંબર પર કોલ કરતાં પોલીસ વાન આવી પહોંચી હતી. આ દરમિયાન આરોપીઓ હવે પછી બળદની હેરાફેરી કરશો તો જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે કિશનભાઈ ભોઈની ફરિયાદના આધારે વસો પોલીસે હુમલાખોર પિનલ રબારી, મયુર રબારી અને શ્રવણ રબારી વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ	ઈશાન ન્યુઝ પેપર એજન્સી
કિશોર પ્લાઝા,	સાગર ભુવન, ડભાણ
આણંદ.	ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225